# મોબાઇલ ચોરી તથા વાહન ચોરીના ગુનાઓ ડિટેક્ટ કરી ચોરીમાં ગયેલ મોપેડ તથા ૧૧ મોબાઇલ ફોન સાથે આરોપીને પકડી પાડતી સુરત પોલીસ.

સુરત શહેરમાં અન ડીટેકટ ગુનાઓ શોધી કાઢવા તથા મોબાઇલ સ્નેચીંગના ગુના અટકાવવા અડાજણ પો.સ્ટે.ના સર્વેલન્સ સ્ટાફની અલગ અલગ ટીમોના પેટ્રોલીંગ દરમ્યાન H.C. શિવરાજભાઇ પીઠાભાઇ તથા P.C. ક્રિપાલસિંહ વિક્રમસિંહ નાઓની બાતમી આધારે આરોપી ચેતન કરણસિંહ વિશ્વકર્મા ઉ.વ.૨૨ ધંધો:-મજુરીકામ રહે:-બિ.નં.એચ/૧, રૂમ નં.૧૫, લોખંડવાલા SMC આવાસ સરસ્વતી સ્કુલની સામે અડાજણ, સુરત શહેર નાઓને અલગ અલગ કંપનીના મોબાઇલ ફોન નંગ-૭ સાથે પકડી પાડી તેને પુછપરછ કરી પોકેટ કોપ મોબાઇલમાં સર્ચ કરી, ચોરીમાં ગયેલ એક્ટીવા મોપેડ રજી. નં. GJ-05-LN-3889 તથા અલગ અલગ કંપનીના ચોરી કરેલ અન્ય મોબાઇલ નંગ-૪ મળી કુલ્લે મોબાઇલ ફોન નંગ-૧૧ જેની કિ.રૂ.૮૧,000/- તથા એક્ટીવા મોપેડ કિ.રૂ. ૨0,000/- મળી કુલ્લે ૧,0૧,000/- નો મુદ્દામાલ કબ્જે કરી અડાજણ પોલીસ સ્ટેશનના નીચે મુજબના ગુનાઓ ડીટેક્ટ કરેલ છે.

ડિટેક્ટ થયેલ ગુનાઓ:-(૧) અડાજણ પો.સ્ટે.ગુ.ર.નં.પાર્ટ-A-૧૧૨૧000૩૨૧૧૧૧૮/૨0૨૧ ઇ.પી.કો.કલમ ૩૭૯ (૨)અડાજણ પો.સ્ટે. ગુ.ર.નં. પાર્ટ- A-૧૧૨૧000૩૨૧૧૧૨0/૨0૨૧ ઇ.પી.કો. કલમ ૩૮0 (૩) અડાજણ પો.સ્ટે.ગુ.ર.નં. પાર્ટ- A-૧૧૨૧000૩૨૧૧૧૨૧/૨0૨૧ ઇ.પી.કો. કલમ ૩૮0.